કલમ ૩૭૭ પર કોઈ સ્ટેન્ડ લેવાનો કેન્દ્ર સરકારનો ઈન્કાર

કલમ ૩૭૭ : સજાતિય સંબંધ મુદ્દે ફેંસલો સુપ્રીમ ઉપર છોડી દેવાયો

નવીદિલ્હી,તા. ૧૧

સજાતિય સંબંધોને અપરાધની હદમાં રાખવામાં આવે કે કેમ તેને લઈને કેન્દ્ર સરકારે આ નિર્ણય સંપૂર્ણરીતે સુપ્રીમ કોર્ટ ઉપર છોડી દીધો છે. આજે આ મામલાની સુનાવણી દરમિયાન કેન્દ્ર સરકારે કલમ ૩૭૭ના સંદર્ભમાં કોઈપણ વલણ અપનાવ્યું ન હતું અને કહ્યું હતું કે, ૩૭૭ના સંબંધમાં સહમતિ સાથે પુખ્તવયના લોકોના સજાતિય સંબંધો અપરાધ છે કે કેમ તે અંગે કોર્ટ જ નિર્ણય કરી શકે છે. ૩૭૭ હેઠળ આ કોઈ અપરાધ છે કે કેમ તે અંગે સુપ્રીમ કોર્ટ નિર્ણય લઈ શકે છે. એડિશનલ સોલીસીટર જનરલ તુષાર મહેતાએ સરકાર તરફથી કહ્યું હતું કે, અમે ૩૭૭ની કાયદેસરતાના મામલાને સુપ્રીમ કોર્ટ ઉપર છોડી રહ્યા છીએ પરંતુ સુનાવણી માટેની હદ વધે છે કે સરકાર એફિડેવિટ દાખલ કરશે. ઈન્ડિયન પીનલ કોડ (આઈપીસી)ની કલમ ૩૭૭ની બંધારણીય કાયદેસરતાને પડકાર ફેંકતી અરજીઓ ઉપર ચીફ જસ્ટિસ દિપક મિશ્રા, જસ્ટિસ આરએફ નરિમન, જસ્ટિસ એએમ ખાનવીલકર, જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ અને જસ્ટિસ ઈન્દુ મલ્હોત્રાની પાંચ જજની બેંચે સુનાવણી હાથ ધરી હતી. આજે પણ આ મામલામાં સુનાવણી જારી રહી હતી. કોર્ટે કહ્યું હતું કે, જો બે પુખ્તવયના લોકો વચ્ચે પારસ્પરિક સહમતિ સાથે સંબંધો સ્થાપિત થાય છે તો તેને અપરાધ તરીકે ગણી શકાય નહીં અને સાથે સાથે કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટથી એવી અપીલ કરી હતી કે, સજાતિય લગ્ન, સંપત્તિ અને પૈત્રુક અધિકારો જેવા મુદ્દા ઉપર વિચારણા કરવામાં ન આવે કારણ કે, આનાથી અનેક પ્રતિકુળ પરિણામો આવશે. કેન્દ્રએ સ્પષ્ટતા કરતા કહ્યું હતું કે, બે પુખ્તવયના લોકો વચ્ચે સહમતિ સાથે બનાવવામાં આવેલા સંબંધો સાથે જોડાયેલી કલમ ૩૭૭ની કાયદેસરતાના મુદ્દા ઉપર અમે કોર્ટના ઉપર નિર્ણય છોડી રહ્યા છીએ. બીજી બાજુ સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, તે પોતે પણ આ બાબત પર વિચાર કરવા સુધી મર્યાદિત રહેશે કે કલમ ૩૭૭ બે પુખ્તવયના લોકો વચ્ચે સહમતિથી બનાવવામાં આવેલા સંબંધોને લઈને ગેરબંધારણીય છે કે કેમ. કલમ ૩૭૭ પર કેન્દ્ર સરકારે એફિડેવિટ મારફતે કોઈ પક્ષ ન મુકીને સમગ્ર નિર્ણય સુપ્રીમ કોર્ટ ઉપર છોડી દીધો છે. એડિશનલ સોલીસીટર જનરલ તુષાર મહેતાએ કહ્યું હતું કે, ૩૭૭ હેઠળ સહમતિ સાથે પુખ્તવયના લોકો વચ્ચે સજાતિય સંબંધો અપરાધ છે કે કેમ તે અંગે પોતે નિર્ણય કરે. સુનાવણી દરમિયાન જો હદ વધે છે જેમ કે લગ્ન અથવા તો લીવઈનનો મામલો આવશે તો અમે અલગથી એફિડેવિટ દાખલ કર્યું છે. અરજી કરનારના વકીલ મેનકા ગુરુસ્વામીએ કહ્યું હતું કે, કલમ ૩૭૭ એલજીબીપી સમુદાયના સમાનતાના અધિકારને ખતમ કરે છે. લેસ્બિયન, ગે, બાઈસેક્સયુલ અને ટ્રાન્સજેન્ડર સમુદાયના લોકોને કોર્ટ, બંધારણ અને દેશથી સુરક્ષા મળવી જોઈએ. તેમણે કહ્યું હતું કે, સજાતિય સમુદાયના લોકો પ્રતિભામાં ઓછા નથી અને આ સમુદાય સાથે જોડાયેલા લોકો આઈએએસ, આઈઆઈટી જેવી મુશ્કેલ પરીક્ષા પાસ કરી રહ્યા છે. સુપ્રીમ કોર્ટમાં કેન્દ્રના વકીલે કહ્યું હતું કે, સુનાવણી કલમ ૩૭૭ની બંધારણીયતા ઉપર જ મર્યાદિત રહેવી જોઈએ. બીજી બાજુ ચીફ જસ્ટિસે કેન્દ્રની રજૂઆત બાદ કહ્યું હતું કે, કલમ ૩૭૭ની કાયદેસરતા ઉપર જ સુનાવણી થઈ રહી છે. અન્ય કોઈ અધિકાર ઉપર થઈ રહી નથી. બંધારણીય બેંચે કહ્યું હતું કે, ૨૦૧૩ના સુપ્રીમ કોર્ટના ચુકાદાને જુએ છે. ૨૦૧૩ના સુપ્રીમ કોર્ટના જજમેન્ટમાં દિલ્હી હાઈકોર્ટના ચુકાદાને ફગાવી દઈને કલમ ૩૭૭ હેઠળ સજાતિય સંબંધોને અપરાધ તરીકે ગણાવીને ઐતિહાસિક ચુકાદો આપવામાં આવ્યો હતો. પુખ્તવયના લોકો વચ્ચે બિનકુદરતી સંબંધોને અપરાધ તરીકે ગણાવીને ઝાટકણી કાઢવામાં આવી હતી. હાઈકોર્ટે અગાઉ બે પુખ્તવયના લોકો વચ્ચે સહમતિથી સંબંધોને અપરાધની શ્રેણીથી બહાર રાખવાનો ચુકાદો આપ્યો હતો જેને સુપ્રીમ કોર્ટે બદલી નાંખ્યો હતો.

ઉન્નાવ ગેંગરેપ : સીબીઆઈ દ્વારા બીજી ચાર્જશીટ દાખલ

નવી દિલ્હી,તા. ૧૧

૧૭ વર્ષની યુવતીને આવરી લેતા ઉન્નાવ ગેંગરેપ કેસમાં આજે સીબીઆઈ દ્વારા બીજી ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. આરોપી તરીકે ભાજપના ધારાસભ્ય કુલદીપ સેંગરના નામનો આમા ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેની ચાર્જશીટમાં સીબીઆઈએ કહ્યું છે કે, સેંગર ઉપર તેમના સાથી શશીસિંહની સાથે મળીને બળાત્કાર ગુજારવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. શશી સિંહ ગયા વર્ષે જૂન મહિનામાં જ્યારે ગુનો બન્યો ત્યારે રુમની બહાર ગાર્ડ તરીકે ઉપસ્થિત રહ્યો હતો. સેંગર પર પોસ્કો એક્ટ હેઠળ પણ આરોપો મુકવામાં આવ્યા છે. ચાર્જશીટમાં આજે આ મુજબની વાત કરવામાં આવી હતી. રેપના મામલામાં સીબીઆઈએ ઉન્નાવના ધારાસભ્ય કુલદીપસિંહ સેંગરની ધરપકડ કરી હતી. તપાસ મુજબ બળાત્કારનો આ બનાવ ચોથી જૂન ૨૦૧૭ના દિવસે ૭-૮ વાગ્યા વચ્ચે બન્યો હતો. ગયા સપ્તાહમાં તપાસ સંસ્થાએ તેની પ્રથમ ચાર્જશીટ દાખલ કરી હતી જેમાં પાંચ આરોપીઓના નામનો ઉલ્લેખ કરાયો હતો જેમાં સેંગરના ભાઈ જયદીપસિંહ ઉર્ફે અતુલસિંહ સેંગરનો સમાવેશ થાય છે. અલ્હાબાદ હાઈકોર્ટે ઉન્નાવ રેપ કેસમાં ભાજપના ધારાસભ્ય કુલદીપસિંહ સેંગરની ધરપકડ કરવા માટેનો આદેશ કર્યો હતો. તેની પ્રથમ ચાર્જશીટમાં તપાસ સંસ્થાએ ગુના સાથે સંબંધિત અન્ય આરોપો પણ મુકવામાં આવ્યા હતા. સીબીઆઈના પ્રવક્તાએ આ મુજબની વાત કરી હતી. ૧૭ વર્ષીય યુવતીએ આક્ષેપ કર્યો હતો કે, તેમના નિવાસસ્થાને ભાજપના ધારાસભ્ય કુલદીપસિંહ સેંગર દ્વારા તેના ઉપર બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. ગયા વર્ષે નોકરી મેળવવાના મામલામાં એક સંબંધી સાથે તેમને મળવા માટે તે પહોંચી હતી ત્યારે તેની સાથે આ કૃત્ય થયું હતું. સેંગરની તકલીફ હવે દિન પ્રતિદિન વધી રહી છે. તેમના પિતાને આ બનાવ બન્યા બાદ આરોપી તરીકે દર્શાવીને માર મારવામાં આવ્યા હતા.

TCSના શેરમાં ૫ ટકા સુધીનો ઉછાળો : કારોબારી આશાવાદી

મુંબઈ,તા. ૧૧

શેરબજારમાં આજે કારોબાર દરમિયાન ટીસીએસના શેરની બોલબાલા રહી હતી. તાતા કન્સલટન્સી સર્વિસના શેરમાં તીવ્ર ઉછાળો નોંધાતા નિફ્ટી આઈટી ઈન્ડેક્સમાં જોરદાર ઉછાળો જોવા મળ્યો હતો. ટીસીએસના શેરમાં આજે પાંચ ટકાની આસપાસનો ઉછાળો નોંધાયો હતો. ટીસીએસના શેરમાં કારોબારીઓ રસ લેતા નજરે પડ્યા હતા. ટીસીએસ દ્વારા ગઈકાલે તેના બજારના કારોબાર દરમિયાન તેના ત્રિમાસિક ગાળાના પરિણામ જાહેર કરવામાં આવ્યા હતા. પ્રથમ ત્રિમાસિક ગાળાના પરિણામ વચ્ચે તેના નેટ નફામાં ઉલ્લેખનીય ઉછાળો રહ્યો હતો જ્યારે વાર્ષિક આધારે ૨૩.૫ ટકાનો અપેક્ષા કરતા વધુ સારો ઉછાળો રહ્યા બાદ આજે તેના શેરમાં લેવાલી જામી હતી. બેંકિંગ, ફાઈનાન્સિયલ સર્વિસ અને ઈન્સ્યોરન્સ ડિવિઝનમાં લેવાલી જામી હતી. બીજી બાજુ તેલ કિંમતોમાં આજે ઘટાડો થયો હતો. અમેરિકાએ કહ્યું છે કે, પ્રતિબંધમાંથી મુક્તિ આપવાની કેટલાક દેશો તરફથી કરવામાં આવેલી વિનંતી તરફ તે ધ્યાન આપશે તેવી વાત કરવામાં આવ્યા બાદ તેલ કિંમતોમાં ઘટાડો થયો છે. આ પ્રતિબંધ નવેમ્બર મહિનામાં અમલી થનાર છે.

નવેમ્બરના પ્રતિબંધના કારણે તેલની નિકાસથી ઈરાનને રોકી શકાશે. બ્રેન્ટ ક્રુડની કિંમતમાં ૦.૮ ટકાનો ઘટાડો થતાં તેની કિંમત આજે બેરલદીઠ ૭૮.૨૨ રહી હતી. એક દિવસ પહેલા તેલની કિંમતોમાં વધારો થયો હતો. નોર્વે અને લિબિયામાં સપ્લાયને લઈને ચિંતા પ્રવર્તી રહી છે. બીજી બાજુ વૈશ્વિક બજારમાં ટ્રેડ વોરને લઈને પણ ઉથલપાથલ જોવા મળી રહી છે. આજે શેરબજારના કારોબાર દરમિયાન બીએસઈ સેંસેક્સમાં શેરમાં વ્યાપક હલચલ જોવા મળી હતી.

જેના લીધે કેટલાક શેરમાં ઉતારચઢાવની સ્થિતિ જોવા મળી હતી. ટીસીએસની માર્કેટ મૂડીમાં સૌથી વધુ ૨૫૩૦૬.૮૮ કરોડનો વધારો થતાં તેની માર્કેટ મૂડી વધીને ૭૩૨૫૨૧.૨૯ કરોડ થઈ ગઈ છે. ટોપ ટેન કંપનીઓની વાત કરવામાં આવે તો ટીસીએસે પ્રથમ ક્રમાંક ઉપર તેની સ્થિતિ અતિમજબૂત બનાવી લીધી છે. આરઆઈએલ બીજા અને એચડીએફસી બેંક ત્રીજા સ્થાને છે.

કોરિયાના પ્રમુખ મુન સાથે મોદીની સફળ મંત્રણા

ભારત-દક્ષિણ કોરિયા વચ્ચે ૧૧ સમજૂતિ ઉપર હસ્તાક્ષર

વેપાર, સંસ્કૃતિક, વિજ્ઞાન અને ટેકનોલોજી, રેલવે રિસર્ચ, બાયોટેકનોલોજીના ક્ષેત્રમાં સમજૂતિ પર હસ્તાક્ષર કરાયા

નવી દિલ્હી,તા. ૧૧

ભારત અને દક્ષિણ કોરિયાએ આજે વેપાર, સંસ્કૃતિ, વિજ્ઞાન અને ટેકનોલોજી સહિત જુદા જુદા ક્ષેત્રોમાં ૧૧ સમજૂતિ ઉપર હસ્તાક્ષર કર્યા હતા. વિદેશમંત્રાલય દ્વારા નિવેદન જારી કરીને જણાવવામાં આવ્યું છે કે, બંને પક્ષોએ સીઈપીએ સમજૂતિ ઉપર પણ સંયુક્તરીતે હસ્તાક્ષર કર્યા છે. આનાથી બંને દેશો વચ્ચેના સંબંધો વધુ મજબૂત બનશે. એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા બાદ કારોબાર પણ વધવાની સંભાવના છે. સોમવારના દિવસે મોદી અને દક્ષિણ કોરિયાના પ્રમુખે નોઈડામાં દિગ્ગજ મોબાઈલ કંપની સેમસંગની સૌથી મોટી મોબાઈલ મેન્યુફેક્ચરિંગ યુનિટની સ્થાપના માટે આધારશીલા મુકી હતી. એમઓયુ હસ્તાક્ષર કરવાના પ્રસંગે મોદીએ કહ્યું હતું કે, દક્ષિણ કોરિયાના સહકારથી મેક ઈન ઈન્ડિયા મિશન હેઠળ ભારતમાં રોજગારની તકો પણ વધી રહી છે. તેમણે કહ્યું હતું કે જ્યાં સુધી નીતિઓની વાત છે. ભારતની એક્ટ ઈસ્ટ પોલિસી અને રિપબ્લિક ઓફ કોરિયાની ન્યુ સદર્ન સ્ટ્રેટેજિના પણ એકજેવા કોમન ગ્રાઉન્ડ છે.

દક્ષિણ કોરિયાના પ્રમુકે કહ્યું હતું કે, ભારત અને તેમના દેશ વચ્ચે ૪૫ વર્ષ જુના સંબંધો રહેલા છે. બંને દેશો વચ્ચે જુદા જુદા મુદ્દા ઉપર પારસ્પરિક ખુબ સારા સંબંધો રહ્યા છે. વર્ષ ૨૦૧૫માં જ્યારે વડાપ્રધાને દક્ષિણ કોરિયાની યાત્રા કરી ત્યારે બંને દેશો વચ્ચેના સંબંધોમાં એક નવી ઉંચાઈ જોવા મળી હતી. કોરિયાના પ્રમુખ મુને મોદી સાથે સફળ વાતચીત કર્યા બાદ કહ્યું હતું કે, બંને દેશો દ્વિપક્ષીય સંબંધોને નવી ઉંચાઈ ઉપર લઈ જશે. આજે જે સમજૂતિ ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા તે પૈકીના સંબંધો ખુબ મહત્વપૂર્ણ છે. મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે જેમાં સહકાર સમિતિની સ્થાપના મારફતે માહિતીની આપલે પણ કરવામાં આવશે. બંને નેતાઓએ સંયુક્ત બેઠક પણ યોજી હતી. ટેકનોલોજીકલ રિસર્ચ, રેલવે રિસર્ચ, બાયોટેનોલોજી, આઈસીટી, ટેલિકોમ્યુનિકેશન, માઈક્રો, સ્મોલ અને મિડિયમ એન્ટરપ્રાઈઝના ક્ષેત્રમાં સહકાર વધારવાના મુદ્દા પર હસ્તાક્ષર કરાયા છે.

સેંસેક્સ ૨૬ પોઈન્ટ સુધરી ૩૬,૨૬૬ની સપાટી ઉપર

મુંબઈ,તા. ૧૧

શેરબજારમાં ઉતારચઢાવની સ્થિતિ આજે જોવા મળી હતી. જો કે, કારોબારના અંતે સેંસેક્સ ૨૬ પોઈન્ટ ઉછળીને ૩૬૨૬૬ની ઉંચી સપાટીએ રહ્યો હતો. જ્યારે બ્રોડર નિફ્ટી એક પોઈન્ટ ઉછળીને ૧૦૯૪૮ની ઉંચી સપાટીએ રહ્યો હતો. નિફ્ટી મેટલ ઈન્ડેક્સમાં સૌથી નિરાશાજનક સ્થિતિ રહી હતી. ગ્લોબલ ટ્રેડવોરને લઈને ફેલાઈ રહેલી દહેશતની અસર જોવા મળી હતી. આ ઈન્ડેક્સમાં ત્રણ ટકાની આસપાસનો ઘટાડો રહ્યો હતો. જિંદાલ સ્ટીલ, કોલ ઈન્ડિયા, વેદાંતા અને સેલના શેરમાં ૪-૪ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. સેક્ટરલ ઈન્ડેક્સની વાત કરવામાં આવે તો નિફ્ટી આઈટી ઈન્ડેક્સમાં ૧.૩ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. એફએમસીજીના શેરમાં પણ આજે જોરદાર તેજી જામી હતી. ચીનના બજારમાં વેચવાલીનું મોજુ રહ્યું હતું. સરકાર દ્વારા ગુરુવારના દિવસે મે મહિનાના ઈન્ડસ્ટ્રીયલ પ્રોડક્શન ડેટા જારી કરાશે. કન્ઝ્યુમર પ્રાઈઝ ઈન્ડેક્સ અને આઈઆઈપીના ડેટા ૧૨મી જુલાઈના દિવસે જારી કરવામાં આવનાર છે. મધ્યપૂર્વમાં પ્રવર્તી રહેલી તંગદિલી અને તેલ ઉત્પાદન કરતા દેશોમાં ખલેલની અસર પણ દેખાઈ રહી છે. ભૌગોલિક તંગદિલીની અસર પણ જોવા મળી રહી છે. આ ઉપરાંત અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ આગામી સપ્તાહમાં બ્રિટનના વડાપ્રધાન ટેરેસા મેને મળનાર છે.

દિલ્હીને ધ્રુજાવી દેવાનું કાવતરૂ નિષ્ફળ, આઈએસનો હુમલાખોર પકડયો

નવીદિલ્હી,તા.૧૧

ભારતીય સુરક્ષા એજન્સીઓએ પોતાના સાહસ અને શક્તિનો પરિચય આપતા પોતાની રીતની એક અભૂતપૂર્વ સાહસિક કાઉંટર ઈંટેલિજેંસ ઓપરેશનમાં ઈસ્લામિક સ્ટેટની એક ખુબ મોટું કાવતરૂ નિષ્ફળ બનાવ્યું છે.આ હેઠળ અફગાનિસ્તાનના આત્મઘાતી હુમલાખોરો દ્વારા નવીદિલ્હીને ધ્રુજાવી દેવાનું કાવતરૂ રચ્યું હતું જો કે ભારતે તેના નાપાક ઈરાદા પર પાણી ફેરવી દીધુ છે.

આ કાવતરાને આતંકીઓએ ઈડયન પ્લાંટ નામ આપ્યું હતું અને તે હેઠળ તે આઈએસના આત્મઘાતી હુમલાખોરને ભારત મોકલવા અને દેશના પાટનગરમાં તેના રહેવાની વ્યવસ્થા કરવામાં સફળ થિ ગયા હતાં.આ મામલામાં ભારતીય એજન્સીઓએ નવીદિલ્હીમાં સપ્ટેમ્બર ૨૦૧૭માં ધરપકડ કરી હતી પરંતુ વરિષ્ઠ રાજદ્વારી અને ઈંટેલિજેંસ સુત્રોએ હવે તેની પુષ્ટી કરી છે.

આઈએસના હુમલાખોર નવીદિલ્હીમાં એક એન્જીનીયરીંગ છાત્રના રૂપમાં રહેતો હતો ધરપકડ બાદ તેને અફગાનિસ્તન મોકલી આપ્યો અને માનવામાં આવે છે કે આ સમયે તે અફધાનિસ્તાનમાં એક મુખ્ય અમેરિકા લશ્કરી બેસમાં કેદ છે આ અફગાન હુમલાખોર એટલો પ્રભાવશાળી હતો કે તેનાથી પુછપરછથી મળેલી માહિતીના આધાર પર તાજેતરમાં અમેરિકી દળોને અફધાનિસ્તાનમાં તાલિબાનની વિરૂધ્ધ મહત્વપૂર્ણ સફળતા મળી છે. સુત્રોએ કહ્યું કે અફધાનિસ્તાન દુબઈ અને નવીદિલ્હીમાં લગભગ ૧૮ મહીનાની લાંબી દેખરેખ અભિયાન બાદ ગુપ્ત પક્ષોને આ માહિતી મળી કે ૧૨ આઈએસ ઓપરેટિવની એક ટુકડીને પાકમાં ટ્રેનિક બાદ બૉબ વિસ્ફોટ માટે મોકલવામાં આવ્યા હતાં.

(અનુસંધાન પાન ૮નું ચાલુ)

વિદ્યાનગરની કોલેજની...

શારીરીક સંબંધ બાંધવા દબાણ કરતો હતો. પરંતુ ઉર્વીસાએ ના પાડતાં આખરે અજયે ખોટું ફેસબુક એકાઉન્ટ બનાવીને તેમાં ઉર્વીસાના નગ્ન ફોટાઓ મુક્યા હતા. તથા કોલગર્લ દર્શાવીને તેના પિતાનો સંપર્ક નંબર આપ્યો હતો. જેની જાણ થતાં તેમણે બધાએ અજયને સુધરી જવાનું કહ્યું હતું. તેમ છતાં અજયે આવી પ્રવૃત્તિ ચાલુ રાખતાં મીડીયામાં બદનામ કરી દેતાં આખરે ઉર્વીસાબેને વિદ્યાનગર પોલીસ મથકે અજય ભોઈ સામે ફરીયાદ નોંધાવી હતી.

૦-૦-૦

આજનું પંચાંગ

ગુરુવાર, તા. ૧૨-૭-૨૦૧૮
સંવત : ૨૦૭૪
શકે : ૧૯૪૦
માસ : જ્યેષ્ઠ
તિથી : સુદ ચૌદશ
નક્ષત્ર : આદ્રા
યોગ : ધ્રુવ
કરણ : ચતુષ્પદ
ચંદ્રરાશિ : મિથુન
સૂર્યોદય : ૦૬.૦૩
સૂર્યાસ્ત : ૧૯.૨૭

દર્શ અમાસ, આજે જન્મેલ બાળકની મિથુન રાશિ પર નામ પાડવું.

જ્યોતિષી કનુપ્રસાદ વિ. ઠાકર
(મેડલ ઓફ મેરીટ-ગોલ્ડ મેડાલીસ્ટ)
જ્યોતિષ કાર્યાલય
મા કૃપા, ૧૦, આર.કે. નગર
સોસાયટી, ચિનાર-ગુલનાર પાસે,
આણંદ. ફોન : (૦૨૬૯૨) ૨૪૯૮૫૫

આપની આજ

ગુરુવાર, તા. ૧૨-૭-૨૦૧૮

મેષ	શુભ પ્રસંગોનો યોગ
વૃષભ	વડીલ વર્ગથી સંતોષ
મિથુન	ભાઈઓનો સહકાર
કર્ક	કુટુંબથી આનંદ
સિંહ	નિરાશામાં આશા વધે
કન્યા	સુખનો સહકાર
તુલા	પુરૂષાર્થવાળો દિન
વૃશ્ચિક	ધંધાકીય લાભ મળે
ધન	સ્નેહભાવના વધશે
મકર	ધાર્મિક ભાવના જણાય
કુંભ	કોઈનો સહકાર મળે
મીન	સમયને માન આપો

જ્યોતિષી કનુપ્રસાદ વિ. ઠાકર
(મેડલ ઓફ મેરીટ-ગોલ્ડ મેડાલીસ્ટ)
જ્યોતિષ કાર્યાલય
મા કૃપા, ૧૦, આર.કે. નગર
સોસાયટી, ચિનાર-ગુલનાર પાસે,
આણંદ. ફોન : (૦૨૬૯૨) ૨૪૯૮૫૫

(અનુસંધાન પાન ૧નું ચાલુ)

મુંબઈ ભારે....

ચુક્યો છે. આજે મંગળવારના દિવસે પણ લોકોને કોઈ રાહત મળી ન હતી. સોમવારના દિવસે શહેરમાં ૨૦૧૧ બાદથી લઈને હજુ સુધી કોઈ એક મોનસુનની સિઝનમાં સૌથી વધારે વરસાદનો રિકોર્ડ નોંધાયો હતો. આજે વરસાદ જારી રહેવાના કારણે લોકોને કોઈ રાહત મળી રહી નથી. લોકલ ટ્રેન સેવાને માઠી અસર થઈ છે. સવારમાં ઓફિસ જતા લોકો જુદી જુદી જગ્યાએ અટવાયા હતા. લોકો ભારે મુશ્કેલથી ઓફિસ પહોંચી રહ્યા છે. આજે સવારે ભારે વરસાદના કારણે અનેક વિસ્તારમોમાં ઘુટણસુધીના પાણી ભરાયા છે. વડાલા વિસ્તારમાં એક કાર પાણીમાં ડુબેલી નજરે પડી છે. આની સાથે સાથે દાદર ટીટી, ગાંધી માર્કેટ, પાલઘરના નાલાસોપારામાં જળબંબાકારની સ્થિતી રહી છે. શુક્રવાર સુધી ભારે વરસાદ પડવાની આગાહી તંત્ર દ્વારા કરવામાં આવી છે. મુંબઈની લાઈફ ભારે વરસાદના કારણે રોકાઈ ગઈ છે. સતત વરસાદના કારણે પુર જેવી સ્થિતિ સર્જાઈ ગઈ છે. ટ્રેન સેવા ખોરવાઈ ગઈ છે. વાહન વ્યવહાર ઠપ થઈ ગયું છે. સ્કુલ અને કોલેજોને બંધ રાખવાની જાહેરાત કરવામાં આવી છે. લોકલ ટ્રેન સેવા ખોરવાતા લોકો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. મુંબઈ સિઝનના સૌથી ભારે વરસાદથી બેહાલ છે. બે દિવસથી વરસાદના કારણે શહેરના અનેક વિસ્તારો જળબંબાકાર થઈ ગયા છે. રેલવે ટ્રેક ઉપર પણ પાણી ફરી વળ્યા છે. મુંબઈની લાઈફલાઈન સમાન ગણાતી લોકલ ટ્રેન સેવાની ગતિ બંધ જેવી થઈ ગઈ છે. મુંબઈ ઉપરાંત મહારાષ્ટ્રના અન્ય ભાગોમાં પણ ભારે વરસાદ થઈ રહ્યો છે. વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે અને અન્ય જગ્યા પર લોકો અટવાયા હતા. જો કે, બચાવ અને રાહત કામગીરી ઘણા વિસ્તારમાં હાથ ધરવામાં આવી છે. એનડીઆરએફની ટીમ પણ તેનાત કરવામાં આવી છે. મુંબઈમાં તમામ નિચાણવાલા વિસ્તારો જળબંબાકાર રહ્યા હતા. ઉપનગરીય ટ્રેન સેવાને પણ અસર થઈ હતી. હવામાન વિભાગની ચેતવણી બાદ બીએમસી દ્વારા સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. બસ સેવાને પણ માઠી અસર થઈ છે. સાથે સાથે મુંબઈની લાઈફલાઈન સમાન ગણાતા લોકલ ટ્રેન સેવાને પણ અસર થઈ છે.

દક્ષિણ ગુજરાત.....

ભરાતાં સ્થાનિક પ્રજાજનો ભારે હાલાકીનો ભોગ બન્યા હતા. વરસાદી કહેરના કારણે નવસારી-જલાલપોરમાંથી ૬૦૦થી વધુ લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરાયુ હતું. અહીં જનજીવન ઠપ્પ થઈ ગયુ હતું. ગઈકાલે મેઘરાજાએ સૌરાષ્ટ્રનાં ગીર સોમનાથ જિલ્લાને ધમરોળ્યો હતો અને રાત્રે ૧૨ વાગ્યાથી સવારના ૬ વાગ્યા સુધીમાં કોડીનાર-સુત્રાપાડામાં મેઘ તાંડવ સર્જાયું હતું. મેઘરાજા સાંબેલાધારે વરસતા સુત્રાપાડામાં માત્ર ૬ કલાકમાં ૯ ઈંચ વરસાદ અને કોડીનારમાં ૮ ઈંચ વરસાદ નોંધાયો હતો. જેને પગલે સૂત્રાપાડા-કોડીનાર પંથકો જાણે બેટમાં ફેરવાયા હતા. સોમાત નદીમાં ઘોડાપૂર આવવાની સાથે સર્વત્ર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. બીજીબાજુ, દક્ષિણ ગુજરાતના વલસાડ-ઉમરગામ સહિતના પંથકો અને અમેરલીના રાજુલા, ખાંભા, જાફરાબાદ સહિતના પંથકોમાં સતત ત્રીજા દિવસે મેઘ મહેર જારી રહી હતી. અમરેલીના આ પંથકોમાં ગણતરીના કલાકોમાં પાંચ ઈંચથી વધુ વરસાદ નોંધાતા નદીઓમાં ઘોડાપૂર આવ્યા હતા. તો, સાથે સાથે પંથકોના મોટાભાગના વિસ્તારોમાં ઠેર-ઠેર પાણી ભરાઈ ગયા હતા. સૂત્રાપાડામાં ભારે વરસાદના કારણે સરસ્વતી નદીમાં પૂર આવતાં પ્રાચી તીર્થ એવું માધવરાયજી મંદિર પાણીમાં ગરકાવ બન્યું હતું. દરમ્યાન આજે મેઘરાજાએ દક્ષિણ ગુજરાતમાં મહુવા, નવસારી અને જલાલપોર પર જાણે અવકાશી આફત વરસાવી હતી. નવસારી-જલાલપોરમાં દસ-દસ ઈંચ વરસાદ ખાબકતાં સર્વત્ર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. પંથકોના તમામ નદી-નાળાઓ છલકાયા હતા. તો, ઠેર-ઠેર ઘૂંટણસમા અને કેડસમા પાણી ભરાઈ ગયા હતા. લોકોના ઘરોમાં, દુકાનોમાં અને બજારોમાં-કોમ્પ્લેક્ષમાં વરસાદી પાણી ફરી વળ્યા હતા, જેને લઈ લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડયો હતો.

રાજ્યસભા સભ્ય.....

જોરશોરથી ઉઠાવી શકે. અનુવાદકોની તાલીમ બાદ આયોજિત એક ટુંકા સમારોહમાં ચેરમેન નાયડુએ તમામ અનુવાદકોને પ્રમાણપત્ર સોંપતા સભ્યોની ભાવના અનુરૂપ અનુવાદ કરવાની વાત કહી. નાયડુએ કહ્યું કે તેમનું માનવુ છે કે વ્યક્તિ પોતાની અભિવ્યક્તિને માતૃભાષામાં જ કોઈ ખચકાટ વિના યોગ્ય રીતે કહી શકે છે.સંસદ જ્યાં સમગ્ર દેશના નિર્વાચિત પ્રતિનિધિ પહોંચે છે જે બહુ ભાષી હોય છે.તેમને પોતાની ભાષાના સંબંધમાં કોઈ રીતની મુશ્કેલીનો સામનો કરવો પડે નહીં. રાજ્યસભામાં પહેલા ફકત ૧૨ ભાષાઓમાં બોલવાની વ્યવસ્થા હતી.જેના અનુવાદક નિયુકત હતાં.આ ભાષાઓમાં અસમી,બંગાળી ગુજરાતી હિન્દી કન્નડ મલયાલમ મરાઠી ઉડિયા પંજાબી તમિલ તેલુગુ અને ઉર્દૂ મુખ્ય હતી.ત્યારબાદ પાંચ અન્ય ભાષાઓ બોડો મેથિલી મણિપુરી મરાઠી અને નેપાળીમાં બોલવાની સગવડતા આપવામાં આવી પરંતુ તેના માટે લોકસભાના અનુવાદકોની મદદ લેવામાં આવી હતી.

એડલ્ટરી કાનૂન....

દાખલ કરી હતી અને એવી અરજીનો વિરોધ કરવામાં આવ્યો હતો જેમાં એડલ્ટરીના ગુના માટે પુરુષ અને મહિલાને એકસમાનરીતે પાત્ર ગણવાની માંગ કરવામાં આવી છે. ઈન્ડિયન પીનલ કોડની કલમ ૪૯૭ હેઠળ હાલમાં આ ક્રાઈમ માત્ર પુરુષો માટે લાગૂ છે જે તેમના પત્નિ નહીં હોવા છતાં મહિલા સાથે સેક્સ સંબંધો સ્થાપિત કરે છે. સુપ્રીમ કોર્ટે તર્કદાર દલીલોને વિસ્તારપૂર્વક સાંભળી હતી. કેન્દ્ર સરકાર તરફથી દાખલ કરવામાં આવેલી એફિડેવિટમાં કહેવામાં આવ્યું છે કે, અરજી ફગાવી દેવામાં આવે. આમા એમ પણ કહેવામાં આવ્યું છે કે, કલમ ૪૯૭ લગ્ન જેવી સંસ્થાને સમર્થન આપે છે અને તેને સુરક્ષા પણ આપે છે. જે જોગવાઈને પડકાર ફેંકવામાં આવ્યો છે તેને ખુબ જ બુદ્ધિથી તૈયાર કરવામાં આવેલી જોગવાઈ છે જેથી લગ્ન જેવી સંસ્થાને રક્ષણ આપી શકાય છે. આ કાયદા ભારતીય સમાજની સંસ્કૃતિ અને માળખાને જોઈને તૈયાર કરાયા છે. સુપ્રીમ કોર્ટમાં અરજી કરનાર લોકોની દલીલ હતી કે, મહિલાઓને અલગરીતે જોઈ શકાય નહીં. કારણ કે, આઈપીસીની કોઈપણ કલમમાં વિરોધાભાષની સ્થિતિ નથી. લો કમિશન દ્વારા આ સમગ્ર મામલામાં નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. તેના અંતિમ રિપોર્ટની રાહ જોવામાં આવી રહ છે. આ કાયદાને જેન્ડર ન્યુટ્રલ બનાવીને જો મહિલાઓ પર એડલ્ટરીકા કેસ ચલાવવામાં આવશે તો લગ્નના સંબંધો કમજોર થશે અને સંબંધો તુટશે. આ સંદર્ભમાં કમિટિના રિપોર્ટમાં કહેવામાં આવ્યું હતું કે, કાયદાનો ઈરાદો છે કે, લગ્ન જેવી સંસ્થાઓને બચાવી લેવામાં આવે. આવી સ્થિતિમાં અરજીને ફગાવી દેવામાં આવે. કારણ કે, તેમાં કોઈ મેરિટ જેવી ચીજ નથી. અત્રે નોંધનીય છે કે, આઈપીસીની કલમ ૪૯૭ની જોગવાઈ હેઠળ પુરુષોને અપરાધી ગણવામાં આવે છે જ્યારે મહિલાઓ વિકટીમ તરીકે ગણાવામાં આવી છે. સુપ્રીમ કોર્ટમાં અરજી કરનાર લોકોની દલીલ હતી કે, મહિલાઓને અલગરીતે જોઈ શકાય નહીં. કારણ કે, આઈપીસીની કોઈપણ કલમમાં જેન્ડર વિષમતાઓ નથી. એડલ્ટરીસે સંબંધિત કાયદાકીય જોગવાઈની ગેરબંધારણીય જાહેર કરવાને લઈને સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલી અરજી ઉપર સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને નોટિસ ફટકારીને જવાબ આપવા માટે કહ્યું હતું. અરજી કરનાર લોકોની દલીલ હતી કે, આઈપીસીની કલમ ૪૯૭ હેઠળ જે જોગવાઈ છે તે પુરુષો સાથે ભેદભાવ કરે છે. જો કોઈ પરિણિત પુરુષ કોઈ અન્ય પરિણિત મહિલા સાથે તેની સહમતિથી સંબંધો સ્થાપિત કરે છે તો આવા સંબંધ બનાવનાર પુરુષોની સામે મહિલાના પતિ એડલ્ટરીકા કેસ કરી શકે છે પરંતુ સંબંધ બનાવનાર મહિલાની સામે કેસ દાખલ કરવાની કોઈ જોગવાઈ નથી.

રેલવે ટીકીટ.....

કરવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ બહુ ઓછા પ્રવાસીઓએ ટ્વિટરનો ઉપયોગ કર્યો હોવાનું જણાતાં હવે કાયમી નિરાકરણના ભાગરૂપે ઓનલાઈન ટિકિટ પાછળ ખાણી પીણીની વસ્તુઓની કિંમત લખવાનો નિર્ણય કર્યો છે. જેનાં આ પ્રમાણે વિગતો દર્શાવી હશે. ટી બેગ સાથે ચા અથવા કોફી-૭ રૂપિયા, ૫૦૦ એમએલ પાણીની બોટલ-૧૦ રૂપિયા, એક લિટર પાણીની બોટલ ૧૫ રૂપિયા, જનતા ભોજન એટલે કે ઈકોનોમી થાળી (રેગ્યુલર ભોજન પૂરી કે રોટલી શાક) ૨૦ રૂપિયા, બ્રેક ફાસ્ટ- વેજ બટર, કટલેસ, ટોમેટો સોસ, ૩૦ રૂપિયા, આમલેટ, બ્રેડ, સોસ- ૩૫ રૂપિયા, લંચ અથવા ડિનર-ભાત, પરોઠાં અથવા રોટી, દાલ, સંભાર, મિક્સ વેજ, આચાર, પાણી - ૫૦ રૂપિયા, નોનવેજ-ભાત, પરોઠાં, રોટી, દાલ, સંભાર, ઈંડાં કરી અચાર, પાણી - ૫૫ રૂપિયા છપાયેલી રહેશે.

તાજમહેલના.....

તે નક્કી કરવામાં આવશે કે કોઈ વિદેશી એક્સપર્ટને કમિટીમાં સામેલ કરવાની જરૂર છે કે નહી. ૯ મેનાં રોજ સુપ્રીમ કોર્ટે એએસઆઈને ફટકાર લગાવી હતી. તાજમહેલના રંગ બદલવાને લઈને એએસઆઈએ મેલ અને ગંદકીને જવાબદાર ગણાવ્યું હતું. કોર્ટે કહ્યું કે, એએસઆઈએ સમજવા નથી ઈચ્છતા કે તાજમહેલમાં સમસ્યા શું છે? કોર્ટે પૂછ્યું કે શું મેલ હોય તેને પાંખો હયો છે જે ઉડીને તાજમહેલ પર જઈને બેસી જાય છે. સુપ્રીમ કોર્ટે ટિપ્પણી કરતાં કહ્યું કે પીએચડી ચેમ્બર્સને કહ્યું છે કે જે ઈન્ડસ્ટ્રી ચાલી રહી છે તેને તમે પોતે જ કેમ બંધ નથી કરતા. ત્યારે ટીટીઝેડ તરફથી કહેવાયું કે હવે તેઓ ટીટીઝેડમાં કોઈ નવી ફેક્ટરી ખોલવાની મંજૂરી નહી આપે. સુપ્રીમ કોર્ટે પોતાના આદેશમાં કહ્યું કે,ટીટીઝેડએ કેટલીક નવી ફેક્ટરીના આવેદનો પર વિચાર કરી રહી છે. કેન્દ્ર સરકારે ચાર સપ્તાહમાં સુપ્રીમ કોર્ટમાં યોગ્ય જવાબ રજૂ કરવાનો છે તો ઉત્તર પ્રદેશ સરકારે જુલાઈમાં તાજમહેલને વર્ષો સુધી સુરક્ષિત રાખવા માટેનું વિઝન ડોક્યૂમેન્ટ રજૂ કરવાનું છે.